જમીન ઉપરોકત ૨૭૯ વાળી જમીનમાં અને સદર જમીનમાંથી વાદીઓ ખેતી કરી ઉપજ લેતા આવેલ છે. સદર બ્લોક/સર્વે નં.૨૭૯ વાળી જમીન જેનો ખાતા નં.૮૨૮ છે જેનું ક્ષેત્રફળ ૦–૮૯–૦૩ હે.આરે. જેનો આકાર ૩.૧૯ પૈસાવાળી જમીન જેના ખૂટ વર્ણન નીચે મુજબ છે.

પૂર્વે :– વીરાજી પુંજાજીની જમીન આવેલી છે.

પશ્ચિમે :– બકોરજી કાયાજીની જમીન આવેલી છે.

ઉત્તરે:– ભુલામીયા જીવામીયાની જમીન આવેલ છે.

દક્ષિણે :– સરકારી રસ્તો મૂકી બ્લોક/સર્વે નં.૧૬૧વાળી જમીન આવેલી છે.

ઉપરોકત બ્લોક/સર્વે નં. વાળી જમીન વાદીઓના સસરા તથા ૨ ના દાદાએ વીલથી વહેચણી કરી વાદીને આપેલ છે અને પ્રતિવાદીએ સદર જમીનમાં તેમની દાનત સારી ન હતી તથા વાદીઓના સસરાને ઉલટા સૂલટી વાતો બનાવીને તથા વાદીના વડીલ ફેકી દ્રાવ્ય પીતા હોઈ તેમને નશો કરાવીને તે જમીનો પડાવી લેવાના બદ આશયથી પ્રતિવાદીએ તા.૨૭/૬/૯૫ ના રોજ જમીનના મૂળમાલીક શીવાજી ઐતાજી ચૌહાણનાઓ પાસેથી રૂા.૩૩,૮૪૦/– પુરાના અવેજવાળા વેચાણ દસ્તાવેજ નં.૪૬૩/૯૫ નો કરાવી લીધેલો છે અને તે દસ્તાવેજ કરાવી લીધાને ગુજરનાર શીવાજી ઐતાજી ચૌહાણના કોઈપણ વારસદારોને જાણ કે ખબર નથી. પરંતુ ગુજરનાર શીવાજી ઐતાજી ચૌહાણનાંઓએ કરી આપેલ વીલની વહેચણીની જાણ તમામ વારસદારોને હોઈ વીલની થયેલ વહેચણી મુજબ તમામ વારસદારોને જમીનનો વહેચણી થયેલ અને સર્વે વારસદારોના ભાગે આવતી જમીનોની નોંધ થતાં રેકર્ડે વારસદારોના નામ આવી ગયેલ છે.

સદર મનાઈ અરજી કરવા માટેનું કારણ મોજે.ગામ ઘોડાસર, તા.મહેમદાવાદની સીમમાં આવેલ જમીન જેનો સર્વે નં.૨૭૯ નો ખાતા નં.૮૨૮ વાળી ક્ષેત્રફળ ૦–૮૯–૦૩ હે.આરે.ચોમી. આકાર વાળી જમીનની વાદીઓના વડીલે વીલ કરી વાદીને વહેચણીમાં આપેલ અને તે વીલની વહેચણીના આધાર વાદીઓ માલીક થયેલા અને માલીકી હક્ક ભોગવતા આવેલા છે અને સદરહું જમીનમાં પ્રતિવાદીની બદ દાનત થયેલ અને જમીન પડાવી લેવાના બદ આશયથી વાદીઓના વડીલ તથા પ્રતિવાદીઓના પિતા નામે શીવાજી ઐતાજી ચૌહાણનાઓને ફોસલાવી પડાવી માદક પીણુ પીવડાવી બેભાન અવસ્થામાં પ્રતિવાદીએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી લઈને ખોટો દસ્તાવેજ હોવા છતાં તે સાચો ગણાવી વાદીઓનો માલીક હક્ક નષ્ટ કરવા

વાદી તરફે રજુ નિ.૩/૪ થી વાદીએ ગામ નમુના નં.૬ હકકપત્ર નોંધ નંબર ૫૮૩૯ તા.૧૭/૪/૨૦૦૧ ની રજુ રાખેલ છે જેમાં કબજેદાર તરીકે શીવાજી એતાજી ચૌહાણ જેઓની વડીલો પાર્જીત જમીનનું વીલ તા.૨૭/૧/૧૯૮૯ ના રોજ કરેલ છે જેમાં જીવાભાઈ શીવાભાઈ ચૌહાણને સર્વે ન.૮૧૫ ક્ષેત્રફળ ૦–૩૫–૪૧ હે. આર. ચો. મી. તથા સર્વે નં.૧૬૩ પૈકી ક્ષેત્રફળ ૦–૮૪–૯૧, હે. આરે. ચો. મી. ની વિગત જણાવેલ છે અને વીલ કરી આપનાર તા.૧૧/૦૮/૧૯૯૬ ના રોજ મરણ ગયેલ છે. જે નોંધ પ્રમાણીત થયેલ છે.

વાદી તરફે રજુ નિ.૩/૫ થી વાદીએ ગામ નમુના નં.૬ હકકપત્ર નોંધ નંબર ૫૮૪૦ તા.૧૭/૪/૨૦૦૧ ની રજુ રાખેલ છે. જેમાં જમીનના કબજેદાર શીવાજી એતાજી ચૌહાણે તેમના દીકરા રામાભાઈ શીવાભાઈને ઘોડાસરની સીમ જમીન સર્વે નં.૮૪૫ જેનું ક્ષેત્રફળ ૦–૨૦–૨૩ તથા સર્વે નં.૨૬૪/૩ જેનું ક્ષેત્રફળ ૦–૩૮–૪૪ તથા અન્ય કુણા ગામની જમીનનું વીલ કરી આપેલ હોય અને વીલ કરનાર તા.૧૧/૮/૯૬ ના રોજ મરણ ગયેલ હોય જે આધારેની નોંધ પ્રમાણીત થયેલ છે.

વાદી તરફે રજુ નિ.૩/૬ થી વાદીએ ગામ નમુના નં.૬ હકકપત્ર નોંધ નંબર ૫૮૪૨ તા.૧૭/૪/૨૦૦૧ ની રજુ રાખેલ છે. જેમાં કબજેદાર તરીકે શીવાજી એતાજી ચૌહાણની વડીલોપાર્જીત જમીનનું વીલ તા.૨૭/૧/૮૯ ના રોજ તેમની પત્નિ ચંદાબેન શીવાભાઈ તથા દીકરી હીરાબેન શીવાભાઈને સર્વે નં.૧૬૧ જેનું ક્ષેત્રફળ ૦–૭૩–૮૬ તથા સર્વે નં.૮૪૪ જેનું ક્ષેત્રફળ ૦–૫૬–૩૬ આધારે વીલ કરી આપનાર તા.૧૧/૮/૯૬ ના રોજ મરણ ગયેલ હોય વીલ લેનારનું નામ દાખલ કરી નોંધ તા.૧૬/૦૭ ના રોજ પ્રમાણીત થયેલાનું જણાય છે.

વાદી તરફે રજુ નિ.૩/૭ થી વેચાણ દસ્તાવેજનો રજીસ્ટર નં.૪૬૩/૧૯૯૫ તા.૨૭/૦૬/૧૯૯૫ નું ઘ્યાને લેતાં વેચાણ આપનાર તરીકે ચૌહાણ શીવાજી એતાજી તથા વેચાણ રાખનાર તરીકે પ્રતિવાદી ચૌહાણ રામાભાઈ શીવાભાઈનું નામ છે. જે ઘોડાસરની સીમ જમીન સર્વે નં.૨૭૯ જેનું ક્ષેત્રફળ ૦–૮૯–૦૩ હે. આરે. ચો. મી.

